# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

## સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** 16 Languages **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXIV YEAR OF OUR LORD JESUS CHRIST, APRIL 2022 NO: 02


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો
પ્રભુની સ્તુતિ થાઓ!!
૧ યોહાનનો પત્ર ૪:૭-૧૪

૭. વહાલાઓ, આપણે એકબીજા પર પ્રેમ રાખીએ, કેમ કે પ્રેમ દેવથી છે; અને જે પ્રેમ કરે છે તે દરેક દેવથી જન્મેલો છે, અને દેવને ઓળખે છે.

૮. જે પ્રેમ કરતો નથી, તે દેવને ઓળખતો નથી; કેમ કે દેવ પ્રેમ છે.

૯. દેવે પોતાના એકનાએક પુત્રને જગતમાં મોકલ્યો કે, આપણે તેનાથી જીવીએ, એ પરથી આપણા પર દેવનો પ્રેમ પ્રગટ થયો.

૧૦. આપણે દેવ પર પ્રેમ રાખ્યો, એમાં પ્રેમ નહિ, પણ તેણે આપણા પર પ્રેમ રાખ્યો અને પોતાના પુત્રને આપણાં પાપનું પ્રાયશ્ચિત થવા માટે મોકલ્યો, એમાં પ્રેમ છે.

૧૧. વહાલાઓ, જો દેવે આપણા પર એવો પ્રેમ રાખ્યો, તો આપણે પણ એકબીજા પર પ્રેમ રાખવો જોઈએ.

૧૨. કોઈએ દેવને કદી જોયો નથી; જો આપણે એકબીજા પર પ્રેમ રાખીએ, તો દેવ આપણામાં રહે છે, ને તેનો પ્રેમ આપણામાં સંપૂર્ણ થયેલો છે.

૧૩. આપણે તેનામાં રહીએ છીએ, ને તે આપણામાં રહે છે, તે પરથી આપણે જાણીએ છીએ કે તેણે પેતાના પવિત્ર આત્માનું દાન આપણને આપ્યું છે.

૧૪. અમે જોયું છે ને સાક્ષી પૂરીએ છીએ કે, પિતાએ પુત્રને જગતનો તારનાર થવા મોકલ્યો છે.

# ઈસુનો વધસ્તંભ!


ભાઈ એમ. પોલરાજ


**THE CROSS OF JESUS!**

કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે; પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે. - (૧ કરિંથીઓને પત્ર ૧:૧૮)

એક સમયે વધસ્તંભને શાપની નિશાની ગણવામાં આવતી હતી. પણ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ પરના મરણને કારણે, તે હવે શાપની નિશાની તરીકે રહ્યો નથી પણ તારણની અને પ્રેમની નિશાની બન્યો છે. આજે, લાખો સ્ત્રી પૂરુષો તેમના ગળામાં વધસ્તંભને પ્રેમ તથા આશીર્વાદની નિશાની તરીકે પહેરે છે. પવિત્રશાસ્ત્ર કહે છે કે, ''જે કોઈ ઝાડ ઉપર ટંગાયેલો છે તે શાપિત છે.'' (ગલાતીઓને પત્ર ૩.૧૩). પણ ઈસુ ખ્રિસ્તે તેને તારણની, ઉધ્ધારની તથા પ્રેમની નિશાની બનાવી છે! ઈસુએ વધસ્તંભ ઉપર મરણ પામવાની પસંદગી કરી ન હતી, પણ યહૂદીઓ તથા રોમનોએ આ સજા ઈસુ પર એક ગુનેગાર તરીકે થોપી દીધી હતી.

### જગત કેવી રીતે જૂએ છે?

વધસ્તંભ ઉપરના ઈસુના મરણને જગત કેવી રીતે જૂએ છે? ૨૦મી સદીના બ્રિટીશ કવિ તથા ફિલસૂફીકાર, ટી.એસ. ઈલિયેટે કહ્યુ હતુ કે, ''વધસ્તંભ સર્વોચ્ચ બલિદાનની નિશાની છે. આ આખા જગત માટે નિશાની છે. વધસ્તંભ એ સર્વ સમય માટે જગતને આપવામાં આવેલો વારસો છે. ભારતના મહાન ફિલસૂફીકાર ડો. એસ. રાધાકૃષ્ણએ કહ્યું હતું કે ''વધસ્તંભ એ દુઃખ અને પીડાની નિશાની છે.'' ૧૫મી સદીના કવિ તથા ફિલસૂફીકાર થોમસ એ કેમ્પિસે તેમના પુસ્તક, ''ઈમિટેશન ઓફ ક્રાઈસ્ય'' માં કહ્યુ છે કે ''વધસ્તંભ જીવન છે, વધસ્તંભ આપણા શત્રુઓથી રક્ષણ છે. વધસ્તંભ સ્વર્ગની સાલસતા આપે છે, વધસ્તંભ ભલાઈનું શિખર છે અને વધસ્તંભ પવિત્રતાની સંપૂર્ણતા છે. પાઉલના કહેવા પ્રમાણે, જેઓ બચાવ પામ્યા છે, તેમને માટે ''તે ઈશ્વરનું સામર્થ્ય છે.''

જગતના ઘણા લોકો વધસ્તંભ તરફથી સંદેશો એ મૂર્ખતા તરીકે જૂએ છે. પણ આપણ બચાવ પામેલાઓ માટે, તે તો ઈશ્વરનું સામર્થ્ય છે. આપણે વધસ્તંભનું મનન કરીને પ્રેરણા લઈએ છીએ.


### વધસ્તંભની ભયાનકતા!

ઈસુ જાણતા હતા કે તેઓ વધસ્તંભ ઉપર મરણ પામવાના છે, કારણ કે તે ગુનેગારોને આપવામાં આવતી અધિકતમ સજા હતી. કટ્ટર યહૂદીઓ અને રોમનો ઈસુને ગુનેગાર માનતા હતા. યહૂદીઓ માટે તેઓ નિયમશાસ્ત્રની વિરુધ્ધ હતા અને તેમની વર્ષો જૂની પરંપરા માટે ખતરો હતો. રોમનો યહૂદીઓને તેમના સતતના વર્ચસ્વ માટે ચૂપ કરવા માગતા હતા. ઈસુને તેમના વધસ્તંભ ઉપર જડવા પહેલા તેમના મરણની ખબર હતી. તેમણે તે તેમના શિષ્યોને કહ્યું હતું. પણ ત્યારે તેમણે તેને ગંભીરતાથી લીધું ન હતું.


(અનુસંધાન પાન ૩ પર)

ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

(ECHO GROUP)



*from your dearly beloved brother...*

## “જો તું વિશ્વાસ કરશે, તો તું દેવનો મહિમા જોશે (યોહાન ૧૧:૪૦)



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના નામમાં સલામ કહીએ છીએ.

તે તો તમારી સતતની પ્રાર્થના અને સહાયતા છે કે અમારી મિનિસ્ટ્રીઓ, ખાસ કરીને પ્રાર્થના મિનિસ્ટ્રી, ૧૬ ભાષાઓમાંનું માસિક સામયિક, ચર્ચ મિનિસ્ટ્રીજ, બાઈબલ કોલેજો, ઓનલાઈન હિન્દી બાઈબલ કોલેજ, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, સુવાર્તા છાપખાનું, બાળકોની મિનિસ્ટ્રી, હોસ્પિટલ મિનિસ્ટ્રી અને ગ્રામ્ય હાઈસ્કુલ સારી રીતે કાર્ય કરી રહ્યા છે. અમે તેમની દયા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ.

તાજેતરના સમયમાં, અમે અમારા સુવાર્તા કામમાં અને અમારા સુવાર્તા કાર્યકરોની સામે ઘણા વિરોધ તથા અવરોધોને જોઈ રહા છીએ. જ્યારે અમે ઝીણવટથી જોયું અને જાણ્યું કે જે લોકો મૂશ્કેલીઓ ઊભી કરે છે, તેવા લોકોએ ચર્ચોમાંથી ઘણી મદદો મેળવી છે, અને તેમની જુવાનીમાં ખ્રિસ્તી સંસ્થાઓમાં ભણ્યા છે. તેઓ તેમણે શિક્ષણ મેળવ્યું છે એવી ખ્રિસ્તી શાળાઓ તથા કોલેજોના નામનો અભિમાનથી ઉલ્લેખ કરે છે. પણ હવે તેઓ ખ્રિસ્તી ધર્માદા સંસ્થાઓ અને ચર્ચોને નફરત કરે છે.

આ નફરત પાછળનું કારણ શું છે? જ્યારે અમે આમાં ઊંડા ઉતર્યા ત્યારે અમે સમજી શક્યા કે અ બધામાં દોષનો ભાગ ઈશ્વરના સેવકો તરીકે આપણા પર આવે છે અને તે દિવસોમાંના શિક્ષણવિદો પર આવે છે, જેઓ તેમને પ્રામાણિક બનવાનું મહત્ત્વ બતાવવામાં અને સર્વને દયા બતાવવાનું શીખવવામાં નિષ્ફળ ગયા હતા. તેઓ પૂર્ણ સર્મપણ સાથે વર્ત્યા ન હતા.

આવો મને આ ઉદાહરણ સાથે સમજાવવા દો. સરકારી સ્કૂલમાં જ્યાં હું જાણ્યો હતો, ત્યાં શ્રી. થોમસ નામના એક શિક્ષક હતા, જેઓ કેથોલિક ચર્ચના સભ્ય હતા, અને બીજા એક શિક્ષક હતા મિ. જોન્સન, જેઓ બીજા ખ્રિસ્તી ચર્ચના સભ્ય હતા. તેમણે તેમની શિક્ષણ પધ્ધતિમાં રસમાં અને પ્રતિભામાં ઊંચુ ધોરણ જાણવ્યું હતું. તેઓએ તેમના કાર્યોમાં, વસ્ત્રોમાં અને વર્તણૂકમાં સારું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. તેથી ઘણા વિદ્યાર્થીઓએ તેમની ગુણવતાઓ આત્મસાત કરી હતી, અને તે શિક્ષણ સંસ્થાઓમાં એક સારી વ્યક્તિ તરીકે, ઈશ્વરનું નામ રાખનારા તરીકે ઊભરી આવ્યા હતા. હું પણ તેમાંનો એક છું.

બીજી તરફ અમે જોયું છે કે ઘણા લોકો થોડી મદદ માટે ખ્રિસ્તી સ્કુલોમાં તથા કોલેજોમાં ભણ્યા હતા. કેટલાકે ખ્રિસ્તી ચર્ચોમાં હાજરી આપી હતી. ઘણાઓ જેમણે ખ્રિસ્તી હોસ્પિટલોમાં વૈદકિય સારવાર લઈને નવું જીવન પ્રાપ્ત કર્યુ હતું. તેઓ હવે ઈશ્વરના વચનને અને ઈશ્વરના સેવકોને નફરત કરે છે, અને તેમનો વિરોધ કરે છે! આ ખ્રિસ્તીઓ, ખ્રિસ્તી કાર્યકરો અને ખ્રિસ્તી શિક્ષણવિદોની ખામીઓને કારણે થયું છે. આમાં આપણે પણ કેટલેક અંશે જવાબદાર છીએ. આપણે તેમનામાં ખ્રિસ્તને આત્મસાત કરાવવામાં નિષ્ફળ ગયા છે.

ભવિષ્યમાં, આપણે ખ્રિસ્તીઓએ આપણા જીવનમાં ઈશ્વરના ખરા તેડાને સમજવું જોઈએ, આપણા પ્રાર્થનામય જીવન દ્વારા ઉદાહરણ પૂરૂ પાડવું જોઈએ, સારા કાર્યો કરવા જોઈએ, ધર્માદા પ્રવૃત્તિઓ કરવી જોઈએ, જેથી, જેઓ આપણને જૂએ, તેઓ પણ એમ કરે અને ઈશ્વરનું ભય રાખે. આપણા ઈશ્વરના સેવકોએ, શાળાઓમાંના તથા કોલેજોમાંનાં શિક્ષકોએ, ખરું ખ્રિસ્તી શિક્ષણ જીવવા, તેમના જીવનના સર્વ ક્ષેત્રોમાં આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રતિબિંબિત કરતા આગળ આવવું જોઈએ. ત્યારે જ આપણે લોકોની ખરા છૂટકારાની અપેક્ષા રાખી શકીએ છીએ, સર્વ બંધનોમાંથી. **"...તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે." (યોહાન ૮:૩૨)** આવો **ઈકો ઓફ હીજ કોલ** પરિવાર તેમના હૃદયોમાં આ બાબત લે અને તેમની પ્રાર્થનાઓમાં યાદ રાખે!

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

કારણ કે તેમના માલિક પ્રત્યેના તેમના પ્રેમના લીધે તેમની આંખો અને મનો આંધળા થઈ ગયા હતા. મરણની સજા પામેલા માણસની સાથે પશુ કરતા પણ ખરાબ વર્તન કરવામાં આવતું હતું. કોઈ તેમના વિશે વિચાર કરતા ન હતા. વધસ્તંભે જડવા પહેલા, સજા પામેલા માણસને ચામડાના ચાબૂકથી ખુલ્લી પીઠ પર નિર્દયતાથી માર મારવામાં આવતો હતો. તૂટેલા હાડકાના ટૂકડાઓ અથવા અણીદાર લોખંડના ટૂકડાઓથી બાંધેલા ૩ કે ૪ ચાબૂકની ટોંચ પર ચાબૂકના છેડા રહેતા હતા. તેઓ ચાબૂકના ૩૯ ફટકા એક સાથે પીઠ પર મારતા હતા અને તેનુ પુનરાર્વતન પણ થઈ શકતું હતું. તેઓ ગુનેગારને અધમૂઆ કરી દેતા. ઈસુને પણ તેમણે ન કરેલા ગુના માટે આજ સજા કરવામાં આવી હતી. રોમન હાકેમ પિલાતે જાહેર કર્યુ હતું, "મને તો તેનામાં કોઈ અપરાધ જણાતો નથી." પણ ફરોશીઓ તથા કટ્ટર યહૂદીઓ તેમના મૃત્યુદંડ માટે પોકારતા હતા અને તેમણે ઈસુ પર સજા ઠોકી બેસાડવી હતી. તેમણે નિર્દોષ રક્ત વહેડાવ્યું હતું! ગીતકર્તાએ ભવિષ્યવાણી કરતા વર્ષો પહેલા કહ્યું હતું, "મારા બરડા ઉપર હળ ખેડનારાઓએ હળ ચલાવ્યું; અને લાંબા લાંબા ચાસ કાઢ્યા." (ગીતશાસ્ત્ર ૧૨૯:૩)

## ઈસુને વધસ્તંભે જડ્યા હતા!

મોટા ભાગે વધસ્તંભે જડાવવાનું સ્થળ શહેર કે નગરની બહાર રહેતું હતું. ગુનેગારને શેરીઓમાં થઈને લાકડાના વધસ્તંભને સ્થળ પર લઈ જવો પડતો હતો. ગુનેગારના ગુનાની માહિતી પાટીયા પર લખાતી અને તે ગુનેગારના ગળામાં લટકાવવામાં આવતી જેથી બીજાઓ તે જોઈ શકે. સૈનિકો એટલા દયાહિન રહેતા કે ગુનેગારનો લાજનો ભાગ એક કપડાના ચીથરાથી ઢાંકવામાં આવતો અને બાકીનું શરીર ખુલ્લુ રાખવામાં આવતું હતું. તેમણે દિવસની સખત ગરમી અને રાત્રીની સખત ઠંડી પણ સહન કરવી પડતી હતી. ગુનેગારની પીઠ ખેડાયેલા ખેતર જેવું બની જતું.

વધસ્તંભ પર જડાવવાનાં સ્થળે, ગુનેગારને લાકડાના વધસ્તંભ પર સુવડાવવામાં આવતો, તેના બન્ને હાથો ફેલાવતા અને પગો એક બીજા પર ગોઠવતા. પછી તેમના હાથો અને પગો બાંધી દેવામાં આવતા અથવા તેમને ખીલા મારવામાં આવતા હતા. ઈસુના હાથો અને પગોને ખીલાં મારવામાં આવ્યા હતા! ઈસુને શુક્રવારે વધસ્તંભ પર જડવામાં આવ્યા હતા. વધસ્તંભને જમીનના ખાડામાં ઉભો કરવામાં આવતો અને દોરડાથી બાંધીને મજબૂત કરાતો હતો. ખીલા મારેલી કે બાંધેલી વ્યક્તિ આકાશ તથા પૃથ્વીની વચ્ચે લટકેલી રહેતી હતી. કેમ કે યહૂદીઓ માટે શનિવાર સાબ્બાથ દિવસ હતો, તેઓ તે દિવસે કોઈ દેહને વધસ્તંભ પર લટકેલો રાખતા ન હતા. જો ગુનેગાર શુક્રવારે જ મરણ પામે તો, તેના પગો કે હાથો તોડવામાં આવતા ન હતા, અને જો તેનામાં હજુ જીવ રહ્યો હોય, તો સૈનિકો તેના હાથો કે પગો તોડી નાખતા, તેમનું દર્દ વધારતા, જેથી તેમનું મરણ, ઝડપથી થાય. કેટલાક વધસ્તંભે જડાયા પછી, દિવસો સુધી ગાંડા જેવા થઈ જતા, કોઈક બૂમો પાડતા અને પૂર્ણ અવ્યવસ્થામાં તેમના પ્રાણ ત્યાગતા.

અહિ ઈસુએ તેમના શુક્રવારે વધસ્તંભ પર જડાવવાના જ દિવસે તેમનો પ્રાણ છઠા કલાક પછી તજ્યો હતો. તેમને આંતરરાષ્ટ્રિય સમય મુજબ સવારે ૯ વાગે વધસ્તંભ પર જડવામાં આવ્યા હતા, તેમણે શાપનો અને માંદગીનો પ્યાલો ૧૨ વાગે પીધો હતો, અને ૩ વાગે પ્રાણ તજ્યો હતો. તેથી તેમના ઘુંટણો તોડવામાં આવ્યા ન હતા. એક સૈનિકે શંકાથી ઈસુની કુખને ભાલાથી વીંધી નાખી હતી અને ઈસુના મરણની પુષ્ટિ આપી હતી, જ્યારે તેમાંથી લોહી તથા પાણી બહાર આવ્યા હતા.

ઈસુએ સાત વાણીઓ વધસ્તંભ પરથી ઉચ્ચારી હતી, જે નીચે મુજબ છે.

૧. હે બાપ, તેઆને માફ કર; કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી. (લુક ૨૩:૩૪)

૨. હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ. (લુક ૨૩:૪૩)

૩. ઈસુએ પોતાની માને કહ્યું, "બાઈ, જો તારો દીકરો! પછી તેમણે તેમના શિષ્યને કહ્યું, "જો, તારી મા!" (યોહાન : ૧૯:૨૬,૨૭)

૪. એલી, એલી, લમા સબક્થની! એટલે, ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે? (માથ્થી ૨૭:૪૬).

૫. એ પછી ઈસુ હે સઘળું પુરું થયું એ જાણીને, શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે કહે છે કે, મને તરસ લાગી છે. (યોહાન ૧૯:૨૮)

૬. માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે, "સંપૂર્ણ થયું!" (યોહાન ૧૯:૩૦)

૭. ઈસુએ મોટી બૂમ પાડીને કહ્યું કે, "ઓ બાપ હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું"; એમ કહીને તેણે પ્રાણ છોડ્યો. (લૂક ૨૩:૪૬)

## ઈસુએ તેમનું જીવન નાખી ન દીધું!

ઈસુ આ જગતમાં એક નિષ્કલંક હલવાન તરીકે, અર્પણ તરીકે આવ્યા હતા.

કેમ કે ગોધાઓના કે બકરાઓના રક્તથી પાપો દૂર કરવાને સમર્થ નથી. એ માટે જગતમાં આવતાં જ તે કહે છે, "તે બલિદાન તથા અર્પણની ઈચ્છા રાખી નહિ, પણ મારે સારું તે શરીર તૈયાર કર્યું છે; દહનાર્પણથી તથા પાપાર્થાર્પણથી તું કંઈ

પ્રસન્ન થતો નહોતો; ત્યારે મેં કહ્યું કે, હે દેવ, જો (શાસ્ત્રના પુસ્તકમાં મારા સંબંધી લખેલું છે) તારી ઈચ્છા પૂર્ણ કરવાને હું આવ્યો. (હિબ્રૂઓને પત્ર ૧૦:૪-૭)

તેથી, બલિદાન તરીકે ઈસુનું મરણ પહેલેથી ઠરાવેલું હતું! પવિત્રશાસ્ત્ર કહે છે, "કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે." (યોહાન ૩:૧૬)

ઈસુએ પોતે કહ્યું હતું,

"જેમ મૂસાએ રાનમાં સર્પને ઊંચો કર્યો, તેમ માણસના દીકરાને ઊંચો કરાવાની જરૂર છે, એ માટે કે જે કોઈ વિશ્વાસ કરે તે તેનામાં અનંતજીવન પામે." (યોહાન ૩:૧૪.૧૫)

## ઈસુનું પુનરુત્થાન!

ઈસુ શુક્રવારની બપોરે વધસ્તંભ પર મરણ પામ્યા હતા. પણ તેઓ ત્રીજા દિવસે, રવિવારે સવારે મૃત્યુમાંથી પાછા ઊઠ્યા હતા! મરણ તેમને પકડી રાખી શક્યુ ન હતું. તેમના પોતાના શબ્દોમાં, તેમણે કહ્યું હતું. "...હું જીવંત છુ; હું મૂઓ પણ હતો, અને જુઓ સદાકાળ જીવતો છું. અને મરણ તથા હાદેસની કુંચીઓ મારી પાસે છે." (પ્રકટીકરણ ૧:૧૮)

ઈસુના મરણ તથા પુનરુત્થાન પહેલા, ધર્મિષ્ઠ મરનાર હાદેસની ઉપલા ઓરડામાં વિશ્રાંતિ પામે છે (યશાયા ૫૭:૨) જ્યારે દુષ્ટોના આત્માઓ નીચલા ઓરડામાં નંખાય છે જ્યાં ન હોલવાતી અગ્નિથી તથા ગંધકથી બળનારી ખાઈ છે. ધર્મિષ્ઠો મૃત્યુ પામે છે, ત્યારે તેમની સતાવણી થતી નથી, તો પણ તેઓને પાપથી છતા કરવામાં આવે છે અને તેમની નીચે પડેલા દુષ્ટો માટે પોકાર કરે છે. ઈસુનો આત્મા હાદેસમાં ઉતર્યો અને ત્યાં વિશ્રાંમ કરતા ધર્મિષ્ઠોને સુવાર્તા જણાવી અને તેઓને ત્રીજા આકાશમાં, પારાદૈસમાં લઈ ગયો! (૨ કરિંથીઓને પત્ર ૧૨:૨-૪), એફસીઓને પત્ર ૪:૮,૯, ગીતશાસ્ત્ર ૬૮:૧૮). ઈસુએ મરણ પામેલા ધર્મિષ્ઠ માણસોને તેમના કામો માટે ઓળખ, મહત્તા આપ્યા હતા. (હાબેલથી લઈને યોહાન બાપ્તિસ્મી સુધી). આપણે આદમના ન્યાયચૂકાદા પર બેઠેલા નથી. ઈશ્વરે પસંદ કરેલા પ્રથમ માણસ તરીકે, પડતા આદમ કદાચ સર્વશક્તિમાન ઈશ્વર પાસેથી કૃપા મેળવી શકે છે.

## ઈસુએ અન્ય એક સંબોધક મોકલ્યો હતો!

પુનરુત્થાન પામેલા ઈસુ સ્વર્ગમાં ઈશ્વરના જમણા હાથે બેઠેલા છે, ત્યાંથી તેમણે પવિત્ર આત્મા, સંબોધક મોકલ્યો હતો, જેમ આપણે પ્રેરિતોનાં કૃત્યો ૨:૧માં જોઈએ છીએ. હવે ઈસુ મરણ પામેલા નથી, તેઓ જીવંત છે અને આપણી મધ્યે વાસ કરે છે! પવિત્રશાસ્ત્ર કહે છે, જે ઈશ્વર પ્રભુએ તેમના પોતાના પુત્રને આપ્યો, તેઓ કેવી રીતે સર્વ બાબતો આપણને નહિ આપે!

"જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?" (રોમનોને પત્ર ૮:૩૨)

## પાઉલનો અનુભવ શું છે?

ઈશ્વરના લોકો સામે પાઉલ બંડ કરનારો હતો. તે બિન્યામીનના કુળનો હતો. તે નિયમશાસ્ત્ર શીખ્યો હતો. તે ફરોશી હતો. નિયમશાસ્ત્ર પ્રમાણે તેની સતાવણી થઈ શક્તી ન હતી. પણ દમસ્કના માર્ગ પર જતા તેના મિત્રો સાથે, મુખ્ય યાજક પાસેથી પત્રો મેળવીને, તે ખ્રિસ્તીઓની સતાવણી કરવા જઈ રહ્યો હતો; જેઓ દમસ્કમાં રહેતા હતા. ત્યારે અચાનક એક પ્રકાશ ઝબૂક્યો. તે કંઈ જોઈ શક્યો નહિ. પ્રભુ ઈસુએ તેની સાથે વાત કરી. તેમણે કહ્યું, "...શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે?" ત્યારે પાઉલે કહ્યુ કે, "પ્રભુ, તું કોણ છે?" પ્રભુએ તેને કહ્યું કે, "હું ઈસુ છું, જેને તું સતાવે છે." ઈશ્વર સામે લાત મારવી આપણા માટે મૂશ્કેલ છે. તે આશ્ચર્યચકિત અને ધ્રુજતા માણસે પૂછ્યું, "પ્રભુ, તમે મારી પાસેથી શું કરવા ચાહો છો?" અને પ્રભુએ તેને કહ્યું કે, "તું ઊઠ, શહેરમાં જા, અને તારે શું કરવું તે તને કહેવામાં આવશે." (પ્રેરિતોના કૃત્યો ૯:૪-૬). ત્યાં અનાન્યા, ઈસુનો શિષ્ય તેને મળ્યો અને તેને માટે તેણે પ્રાર્થના કરી. તેણે દ્રષ્ટિ પાછી મેળવી. પ્રભુએ બંડખોરને રાજાઓ, વિદેશીઓને સુવાર્તા પ્રગટ કરવા પસંદ કર્યા હતો. પછી તે ઈસુ ખ્રિસ્તનો અગ્રણી શિષ્ય બન્યો હતો અને સુવાર્તાના કામમાં પોતાને મરવા પણ તૈયાર કર્યો હતો. પ્રભુએ તેમની સેવા કરવા સર્વ લોકોને તેડ્યા છે. તેણે તેના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરની સેવા કરી હતી.

## એક વ્યક્તિ શું કરી શકે?

પાઉલે પોતાના અનુભવનું વર્ણન

....Contd. to page 6

नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

माध्यम: हिन्दी

ATA Regd. Candidate for Membership NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

*सदस्यता के लिए पंजीकृत उम्मीदवार* - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)



**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ એપ્રિલ ૨૦૨૨ થી ૧૮ મે ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ એપ્રિલ** : ૧૭ એપ્રિલના રોજ થયેલી અમારી ઈસ્ટરની ભજનસેવાને ઈશ્વરે આશીવાદિત કરી છે.

**૨૦ એપ્રિલ** : ઈશ્વરે કૃપાળુ રીતે અમને સુવાર્તા સાથે વણખેડાયેલા વિસ્તારોમાં જવા સહાય કરી છે.

**૨૧ એપ્રિલ** : પાછલા મહિનાની ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃતિઓને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૨૨ એપ્રિલ** : આપણા સર્વ સહસંપાદકો અને તેમના પરિવારના સભ્યો માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૩ એપ્રિલ** : અમારા મુખ્ય ચર્ચમાં મળેલી પૂરુષોની સભાને ઈશ્વરે આશીર્વાદિત કરી છે.

**૨૪ એપ્રિલ** : ઈશ્વરે અમારું ૧૬ ભાષાઓમાં છપાતું સામયિક અને તેને સર્વ મિશન વિસ્તારોમાં મોકલવા માટે આશીર્વાદ આપ્યો છે.

**૨૫ એપ્રિલ** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોને ઈશ્વરે વધુ વિશ્વાસીઓ સાથે આશીર્વાદ આપ્યો છે.

**૨૬ એપ્રિલ** : આવો અમારા સર્મથકોની પ્રાર્થનાઓ અને સહાયતા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૭ એપ્રિલ** : રાજ્ય કો-ઓર્ડીનેટરો અને તેમની સંગત માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૮ એપ્રિલ** : અમારા મુખ્ય ચર્ચની મહિલાઓની સભા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૯ એપ્રિલ** : અમારા હિન્દી ઓનલાઈન ઈશ્વરવિદ્યાના અભ્યાસક્રમ પર તેમના આશીર્વાદો માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**30 એપ્રિલ** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા, નહેમ્યા બાઈબલ કોલેજ તથા ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૦૧ મે** : અમારા મિશન કાર્યકરો તરફથી મોટા સર્મપણ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૨ મે** : અમારા પાળક એસ. સામ સેલ્વરાજ તથા કુટુંબ પરના ભરપૂર આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૩ મે** : **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના** કર્મચારીઓને કોરોના વાયરસથી રક્ષણ આપવા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ મે** : કૃપા કરીને રશિયા તથા યુક્રેન વચ્ચેની લડાઈ માટે પ્રાર્થના કરીએ કે દુનિયામાં શાંતિ સ્થપાય.

**૦૫ મે** : આ મહિનામાં **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** માટે જરૂરી નાણા ઈશ્વર પૂરા પાડો.

**૦૬ મે** : ખ્રિસ્તી સંસ્થાઓ માટે આવો પ્રાર્થના કરીએ.

**૦૭ મે** : આપણા કો-ઓર્ડીનેટરોને અને પાળકોને ઈશ્વર નવું સામર્થ્ય આપો.

**૦૮ મે** : આપણી **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**માં ઈશ્વર વધુ સમર્પિત કાર્યકરો લાવે.

**૦૯ મે** : સ્ત્રીઓ અને બાળકોની સાથે થતી હિંસાખોરી નાબૂદ થાય માટે પ્રાર્થના કરીએ.

**૧૦ મે** : દુનિયાના સર્વ દેશોમાંથી કોરોના વાયરસ નાબૂદ થાય તેને માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૧ મે** : અમારા મિશન ફિલ્ડના કાર્યકરો માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૨ મે** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઈશ્વરની પ્રાર્થના કરીએ.

**૧૩ મે** : કોરાના તાવને કારણે જે પરિવારોએ તેમના વહાલાઓ ગુમાવ્યા છે તેમને માટે પ્રાર્થના કરીએ.

**૧૪ મે** : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજના સંપૂર્ણ સાજાપણા માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૫ મે** : અમારા વડિલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૧૬ મે** : દુનિયાભરમાં શાંતિ માટે પ્રાર્થના કરીએ.

**૧૭ મે** : અમારા મુખ્ય મંડળીના તથા શાખા મંડળીના વિશ્વાસીઓ, આગેવાનો, પ્રાર્થના યોદ્ધાઓ માટે પ્રાર્થના કરીએ.

**૧૮ મે** : ઈશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજને તથા તેમના પરિવારના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ આપતા રહો.

(પાન ૪ પરથી આગળ...)

કર્યું હતું, "હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો; પરંતુ હું જીવું છું; તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે..." (ગલાતીઓને પત્ર ૨:૨૦) સરળ ભાષામાં, તે ખ્રિસ્ત સાથે મૃત્યુ પામ્યો હતો, અને હવે જે વ્યક્તિ તેનામાં જીવે છે, તે ખ્રિસ્ત છે!

તે તો ઈશ્વરની ઈચ્છા છે કે સર્વ લોકો ખ્રિસ્તની પાસે આવે, તારણની મહાન યોજના પ્રાપ્ત કરે અને તેમની સાથે રહે તથા ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરે. પાઉલ દરેકને કહે છે,

"તેથી ભાઈઓ હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારાં શરીરનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ પડે એવું અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે." (રોમનોને પત્ર ૧૨:૧)

તે એ પણ કહે છે, "આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો." (રોમનોને પત્ર ૧૨:૨). ઈશ્વર ઈચ્છે છે કે દરેક જણ તેમની સાથે સમર્પિત જીવન જીવે તથા તેમના બીજા આગમનમાં, જ્યારે આપણે ઈશ્વરના રણશિંગડાનો અવાજ સાંભળીએ, રૂપાંતરનો અનુભવ કરીએ, ગગનમાં પ્રભુને મળવા સારું વાદળાંમાં તણાઈ જઈએ, ઈસુના પુનરુત્થાનના સામર્થ્યથી અને આકાશના દ્વારમાં પ્રવેશ કરીએ અને ત્યાં સર્વશક્તિમાન ઈશ્વરપિતાને મળીએ, જેઓ તેમના રાજ્યાસન બેઠા છે. (ગીતશાસ્ત્ર ૧૧:૪).

## જગત ક્યાં જઈ રહ્યું છે?

દુન્યવી લોકો શેતાનથી લલચાઈ રહ્યા છે, તેની છેતરામણી પદ્ધતિથી અને તેમને ચક્કર આવે તેમ લઈ જાય છે, દુનિયાના પ્રલોભનોથી લલચાવે છે, તેમની શાંતિ છીનવી લે છે અન તેમને ગાંડા કરી નાખે છે અને તેની દુનિયામાં ખેંચી જાય છે. હવે જગત તેના ખેલ પર વધે છે! તેઓ તેમની આસપાસ મરણના ફરતા ફાંદાને જોતા નથી! તેઓ ઈશ્વરના વચન પર ક્યારેય ધ્યાન આપતા નથી. વધસ્તંભનું શિક્ષણ તેમના માટે નકામું લાગે છે. તેઓ તેમની ઘણી બાબતોની તથા જગતની બડાઈ મારે છે. તેઓ તેમના મહેલ જેવા ઘરો માટે, ગાડીઓ માટે, તેમના માટેની સમૃદ્ધિ માટે, બેન્ક બેલેન્સ માટે, પત્નિ તથા બાળકો માટે બડાઈ મારે છે અને ખ્રિસ્તથી દૂર તણાતા જાય છે. થોડાક સમયમાં કોવિડ-૧૯ની મહામારીએ તેમનામાંના ઘણાનો નાશ કરી નાખ્યો હતો. લોકો ઓક્સિજન સિલિંડરને શોધવા માટે અહીં તહીં દોડતા હતા! તેના વગર ઘણા મૃત્યુ પામ્યા હતા. દુનિયાના ઘણાં ભાગોમાં વાદળ ફાટવાથી જીવન મુશ્કેલ બન્યુ હતું. તાજેતરમાં ઘણા યૂરોપિયન દેશોમાં તથા ચીનમાં વરસાદે માઝા મૂકી હતી અને માનવજાતમાંનો છેલ્લા ૧૦૦૦ વર્ષોનો રેકોર્ડ તોડ્યો હતો! ધરતી ધસવી, જ્વાળામુખી ફાટવુ, ધરતીકંપ વગેરેએ લોકો માટે જીવન મુશ્કેલ બન્યું હતું. તો પણ તેઓએ પોતાને નમ્ર કર્યા ન હતા અને તેમની વસ્તુઓની બડાઈ મારવાનું છોડ્યુ નહતું.

પવિત્રશાસ્ત્ર કહે છે, "યહોવા કહે છે કે, જ્ઞાની પોતાના જ્ઞાન વિષે અભિમાન ન કરે, તેમ જ બળવાન પોતાના બળ વિષે અભિમાન ન કરે; વળી ધનવાન પોતાના ધન વિષે અભિમાન ન કરે; પણ જે કોઈ અભિમાન કરે તે આ વિષે અભિમાન કરે કે, તે સમજીને મને ઓળખે છે કે, હું પૃથ્વી પર દયા, ન્યાય તથા નીતિ કરનાર યહોવા છું; કેમ કે એઓમાં મારો આનંદ છે, એમ યહોવા કહે છે." (યર્મિયા ૯:૨૩,૨૪)

પૃથ્વી પર પ્રભુએ પોતે ભલાઈ, ન્યાયચૂકાદો ને ન્યાયપણું દર્શાવ્યા હતા. ઈશ્વર પ્રભુ સર્વશક્તિમાન છે. પૃથ્વી પર કે આકાશમાં ત્યાં કોઈ શક્તિ ઈસુ ખ્રિસ્ત કરતા વધુ બળવાન નથી, જેમણે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા છે. તેથી જ સંત પાઉલ કહે છે; "પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ; તેથી કરીને મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે, અને જગત સંબંધી હું છું." (ગલાતીઓને પત્ર ૬:૧૪) પાઉલ માટે, જગત ખુલ્લુ મૂકાયું નથી પણ વધસ્તંભ પર જડાયું છે અથવા મર્યાદિત થયું છે. જગત તેનો તે પ્રમાણે ઉપયોગ કરી ન શકે, પણ વધસ્તંભે જડાયેલું છે! તામિલમાં એક ઈશ્વરભક્તે એક ગીત રચ્યું છે, "મેનમાઈ પારાત્તુવેન."

હું તેનું નામ ઊંચું કરીશ<br>
હું તેનું નામ ઊંચુ કરીશ.<br>
હું ફક્ત ઈસુના પ્રેમને ઉંચો કરીશ.


# નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ

ECHO OF HIS CALL (ECHO GROUP)

માધ્યમ : તામિલ

ATA — Regd. Candidate for Membership — NEHEMIAH BIBLE COLLEGE CHENNAI — ECHO OF HIS CALL ★ Estd.: 1969

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

## ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

મારા શિંગમાં વધસ્તંભ, વધસ્તંભ મારો આશ્રય છે.

ઈસુ તમારી સ્તુતિ થાઓ, તમારી સ્તુતિ થાઓ,

કાલવરીના ઈસુની સ્તુતિ થાઓ!

હું વધસ્તંભે જડાયો હતો, હું જડાયો હતો,

તે તો હું નહિ, પણ ઈસુ છે,

હું તેમને મારામાં બતાવીશ!

હું વધસ્તંભ ઉચકીને જઈશ; હું વધસ્તંભ ઉચકીને જઈશ.

હું દુઃખ સહન કરીશ

ઈસુના મહિમા માટે!

આ દરેક ખ્રિસ્તીનું ગીત હોવું જોઈએ!

આપણા ઈશ્વર ત્રિએક ઈશ્વર છે. તેમણે ખ્રિસ્તને પ્રગટ કર્યા છે, પ્રભુના દૂત તરીકે, જે આશીર્વાદ તથા રક્ષણના પ્રભુ છે; તેઓ ઈશ્વર તરીકે પ્રગટ થયા છે, કાર્યોના પ્રભુ અને ઈશ્વર પ્રભુ, સર્વશક્તિમાન ઈશ્વર જેઓ સઘળું આપે છે. તેમની પાસે બીજું પ્રગટીકરણ પણ છે અનંતકાલિક ઈશ્વર એટલે કે સર્જનની આગળ, સર્જનની વખતે અને સર્જન પછી. તેથી જ આપણા ઈશ્વર કેમ અદ્ભૂત ઈશ્વર છે!

સંત પાઉલ પ્રભુને વધુને વધુ જાણવા માંગતો હતો. તે ફક્ત ખ્રિસ્ત તરીકે જ ઈસુને જાણવામાં સંતુષ્ટ ન હતો. ઈસુએ પોતે જ કહ્યું હતું, ''અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા દેવને તથા ઈસુ ખ્રિસ્ત જેને તે મોકલ્યો છે તેને ઓળખે.'' (યોહાન ૧૭:૩).

ખ્રિસ્ત માટેની તેની શોધમાં પાઉલ કહે છે કે જે વાનાં તેને માટે લાભકારક હતા, એટલે કે વંશ પરંપરા, સમૃધ્ધિ, નિયમશાસ્ત્રમાં જ્ઞાન, રોમન નાગરીકતા વગેરે તે સર્વને તે તેણે ખ્રિસ્તને લીધે હાનિકારક ગણ્યા હતા. ખ્રિસ્તના જ્ઞાનની શ્રેષ્ઠતાને લીધે તે બધાંને હાનિ ગણતો હતો. ખ્રિસ્તને પ્રાપ્ત કરવા, તે બધાને હાનિ ગણતા હતો. તે તેમને તથા તેમના પુનરુત્થાનના સામર્થ્યને તથા તેમના દુઃખોના ભાગિયાપણાને જાણવા માગતો હતો, એટલે તે તેમના મરણને અનુરૂપ થાય. (ફિલિપીઓને પત્ર ૩:૭,૧૦,૧૧)

ફાધર બેર્ચમન ગાય છે.

હે મારા રાજા તમારી હાજરી પૂરતી છે,

સદા પૂરતી મારા માટે,

ઈશ્વરીય હાજરી!

તો પણ હું તમને વધારે જાણવા

હું હજુ પણ તમારી નજીક આવું છું!

## ઈસુ બોલાવે છે!

''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળાં મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ.'' (માથ્થી ૧૧:૨૮).

આ તેડુ, બોલાવવું, ફક્ત તેમના લોકો યહૂદીઓ માટે જ નથી, પણ સર્વ જગત માટે છે, રાજ્ય જાતિ કે ભાષાને લક્ષમાં લીધા વિના.. ઈસુ કહે છે, ''હું જેટલા પર પ્રેમ રાખું છું, તે સર્વને ઠપકો આપું છું તથા શિક્ષા કરું છું; માટે તું ઉત્સાહી થા અને પસ્તાવો કર. જુઓ હું બારણા આગળ ઉભો રહીને ઠોકું છુ; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે.'' (પ્રકટીકરણ ૩:૧૯,૨૦)

પવિત્રશાસ્ત્ર કહે છે; ''અને તે આપણાં પાપનું પ્રાયશ્ચિત છે; અને કેવળ આપણાં જ નહિ પણ આખા જગતનાં પાપનું તે પ્રાયશ્ચિત છે.'' (યોહાનનો ૧લો પત્ર ૨:૨).

જગત માટે ઈસુ વધસ્તંભને વળગ્યા હતા. પ્રભુ તેમના રાજ્યને આદમથી લઈને ઈસુ ખ્રિસ્ત સુધીના પ્રથમ અંશને, લોકોને, ઘણા સમુદાયને ભરી દેવા માગતાં હતા! આ જગતમાં તેમના રાજાઓના રાજા તરીકે હજાર વર્ષના રાજ્ય મારફત બીજા સમુદાય માટે તેમની પાસે યોજનાઓ છે! પછી સતાવણીના સમયે દૂતો દ્વારા યહૂદીઓના ૧૨ કુળોના કપાળ પર ચિન્હ કરાયેલા, પસંદ કરેલાને લીધે તેમણે બીજી વાર મરવું પડશે નહિ.

હવે વધસ્તંભમાંથી કૃપા તથા દયા વહે છે. જૂના વખતમાં લોકો કરારકોશમાંથી કૃપા મેળવતા હતા, જે પડદા પાછળ પરમપવિત્રસ્થાનમાં મૂકવામાં આવ્યો હતો. પણ હવે તે ઈસુનો વધસ્તંભ છે. જે લોકો વધસ્તંભ તરફ જુએ છે, તેઓ પોતાના માટે મરે છે અને ખ્રિસ્ત માટે જીવે છે. અને જેઆ જીવે છે, તેઓ ખ્રિસ્ત માટે જીવે છે અને ઈશ્વરના રાજ્યનો વારસો મેળવે છે.

## શિષ્યોનું તેડું!

શિષ્યોનું તેડુ એ વિશ્વાસીઓના તેડા કરતા અલગ છે. શિષ્યોના તેડામાં મોટું દુઃખ અને બલિદાન છે. તે દરેક માટે સ્વઃ, કુટુંબ અને ઘરના માટે ત્યાગ કરવો સરળ નથી. પણ જેઓ આ દુન્યવી બાબતો ભજશે, અને ઈસુને અનુસરસે, તે મોટી વાત છે! તેમને મોટા પુરસ્કારો મળશે! તેમના શિષ્યોએ આવા તેડા પસંદ કર્યા અને તેઓ પ્રેરિતો બન્યા હતા. આજે ઘણા લોકો પોતાને પ્રેરિતો કહેડાવે છે, કોઈપણ બલિદાન કે ચર્ચોની રોપણી વગર.

ઈસુએ કહ્યું, ''જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું.'' પિતરે પ્રભુને કહ્યું કે, ''જો અમે બધું મૂકીને તારી પાછળ આવ્યા છીએ.'' ઈસુએ તેમને કહ્યું કે, ''હું તમને ખચીત કહું છું કે, જે કોઈએ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાના ઘરને કે ભાઈઓને કે બહેનોને કે માને કે બાપને કે છોકરાંને કે ખેતરોને મૂકી દીધા હશે, તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને તથા ભાઈઓને તથા બહેનોને તથા માઓને તથા છોકરાંને તથા ખેતરોને, સતાવણી સુધ્ધા, તથા આવતા કાળમાં અનંતજીવન પામ્યા વગર રહેશે નહિ.'' (માર્ક ૧૦:૨૮-૩૦). જેઓ પ્રભુ માટે આપશે તેઓ ગરીબ રહેશે નહિ! અને પ્રભુએ ફરીથી પિતરને કહ્યું કે, ''...હું તમને ખચીત કહું છું કે, જ્યારે પુનરુત્પતિમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા, ઈસ્રાએલના બારે કુળોનો ન્યાય કરતાં બાર રાજ્યાસનો પર બેસશો.'' (માથ્થી ૧૯:૨૭,૨૮).

અનુયાયીઓને વધસ્તંભ ઘણા બધા આશીર્વાદો લાવે છે. પણ વધસ્તંભનું શિક્ષણ ઘણાને ગાંડપણ લાગે છે. તેઓ શેતાનના બંધનમાં જકડાયેલા છે અને નાશ તરફ જઈ રહ્યા છે. તો પણ, દરેક ખ્રિસ્તી, જેણે ખ્રિસ્તનો પ્રેમ ચાખ્યો છે અને વધસ્તંભની મહાનતાને વાગોળે છે, તેમણે તે નાશ તરફ જતા લોકોને બોલાવવા જોઈએ, અને તેમને ખ્રિસ્તના પ્રેમની પાસે લાવવા જોઈએ, જેથી તેઓ પણ બચાવ પામે, તારણ પામે. આજે હજારો લોકો ઈસુના પ્રેમ હેઠળ અને વધસ્તંભની મહાનતા હેઠળ આવ્યા છે! આપણા માટે વધસ્તંભ શિક્ષણ તે ઈશ્વરનું સામર્થ્ય છે. આમીન!!

-*-*-*-*-*-



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

### ઈશ્વર દ્વારા આપવામાં આવેલા સારા સંજોગો


કાન્નાતુવિલાઈની સરકારી શાળામાં મારું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ, મારા માતાપિતાએ મને ક્રિશ્ચિયન મિડલ સ્કુલ, હેકર મેમોરીયલ નેય્યારની અપર પ્રાયમરી સ્કુલમાં દાખલ કર્યો હતો, એ હેતુ સાથે કે હું આત્મિક રીતે વૃધ્ધિ પામુ. આ શાળામાં પ્રથમ વખત ૬ઠા ધોરણમાં મને અંગ્રેજી શીખવવામાં આવ્યુ હતું. તે શાળા નેય્યોરમાં એક નાના શહેરમાં હતી. જે મારા ઘરથી ૫ કિલોમીટર દુર હતી. મારા માતાપિતાએ મને દરરોજ ૧૦ કિલોમીટર આવવા જવાની તાલિમ આપી હતી. તે શાળાના શિક્ષકોના પ્રેમ, ડહાપણ, સર્મપણ અને બલિદાનની ભાવનાથી હું આર્કષાયો હતો. પછી મેં એરાનિયલી સરકારી શાળામાં તથા નેય્યોરની લક્ષ્મીપૂરમ કોલેજ ઓફ આર્ટ એન્ડ સાયન્સમાં અભ્યાસ કર્યો હતો.



કાન્નાતુવિલાઈ સરકારી શાળા



હેકર મેમોરીયલઅપર પ્રાયમરી સ્કુલ



એરાનિયલી સરકારી શાળા




લક્ષ્મીપુરમ કોલેજ

રેવ, કેસરી, શ્રી. મુથ્થયા (હેડમાસ્તર), શ્રી. સી. દેવાદાસ, શ્રી. સુંદરારાજ અને મહિલા શિક્ષિકાઓ, શ્રીમતી સ્ટેલા હેપસીબાહ ચેલ્લપપા, શ્રીમતી બી. અન્નાબાઈ મોસેસ, શ્રીમતી જે. સરોજા થંગાવદીયુ, શ્રીમતી એથાજ, શ્રીમતી પી. લીસી અને અન્યો જેમના સર્મપણ મારું ઈશ્વરનું ભય રાખનાર વ્યક્તિ તરીકે ઘડતર કર્યુ હતું. કેમ કે મને કેટલીક શારીરીક બિમારીઓ હતી તેથી મારામાં લઘુતા ગ્રંથિ, હતી અને તેથી હું બીજા વિદ્યાર્થીઓ સાથે ભળતો ન હતો. મારા શિક્ષકો શ્રી. દેવાદાસ, શ્રી. સુંદરારાજ, શ્રીમતી બી. અન્નાબાઈ મોસેસ, શ્રીમતી સ્ટેલા હેપસીબાહ ચેલ્લપ્પા અને શ્રીમતી જે. સરોજા થંગાવદીયુએ મારા ઉછેરમાં અને પ્રેરણા આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.



રિટાયરમેન્ટના દિવસે લીધેલો ફોટો : સી. દેવાદાસ,
(બેઠેલા : ડાબેથી જમણી તરફના ૪થા વ્યક્તિ)

દૈવી પ્રેમ અને કાળજી જે મારા શિક્ષકોએ મારી પ્રત્યે બતાવ્યા હતા, તેને કારણે હું જીવતા ઈશ્વર ઈસુ ખ્રિસ્ત તરફ દોરાયો હતો.



(ડાબે થી જમણે બાજૂ) શ્રીમતી સ્ટેલા હેપસીબાહ,
શ્રીમતી બી. અન્નાબાઈ મોસેસ, શ્રીમતી જે. સરોજ થંગાવદીયુ

તેઓએ મને એ પણ શીખવ્યું કે ગરીબો, અને કચડાયેલા લોકો પ્રત્યે કેવી રીતે પ્રેમ કરવો. શાળામાં મારા શિક્ષકોએ બાઈબલમાંના ઘણા ઊંડા રહસ્યો પણ શીખવ્યા હતા. મેં મારી જુવાનીમાં નીચે મુજબના બાઈબલના અધ્યાયો મોઢે કર્યા હતા : ગીતશાસ્ત્રો ૧, ૨, ૨૩, ૯૧, ૧૨૧, ૧૩૬, ૧ કરિંથીઓને પત્ર ૧૩મો અધ્યાય, માથ્થીના ૪, ૫, ૬ અધ્યાયો. હું સખત મહેનત, પ્રામાણિકતા અને સ્પષ્ટવક્તાપણાનું મહત્ત્વ પણ શીખ્યો હતો. જ્યારે હું મોટો થયો ત્યારે આને કારણે મને સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કુલ શરૂ કરવાની



ભાઈ બી. ઈમ્માનુએલ મનોહરન



ભાઈ જી. જયાનંદા પૌલોમની

પ્રેરણા મળી હતી. મારી નજીકના સહધ્યાયીઓ ભાઈ બી. ઈમ્માનુએલ મનોહરન, રેવ. સામ યેસુદાસ, ભાઈ ચાર્લ્સ પેર્ન બેન્ટલી, ભાઈ હમ્પ્રરી વિનિસ્ટર, ભાઈ થંગારાસલ, ભાઈ હેરીસન ફેસ્તુસ જોયેલ, ભાઈ રવિ દેવાધાનામ, ભાઈ ડી.ડી. રાજન, ભાઈ ઓડસન મોહન, રેવ. ડો એ. સેલ્વરાજ અને ભાઈ જી. જયાનંદા પૌલોમની, આ સર્વ મારા આત્મિક મિત્રો હતા. તેઓ હવે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આગળ પડતા સેવકો છે પણ તેમાના બે, ભાઈ હેરીસન ફસ્તુસ જોયેલ તથા ભાઈ જી. જયાનંદા પૌલોમની હવે પ્રભુ પાસે છે.

આમ પ્રભુ ઈશ્વરે ડગલેને પગલે મજબૂત પાયો તૈયાર ર્ક્યો હતો, જેથી હું, ઈશ્વરના સેવક તરીકે ઉભરી આવું, જે ઈશ્વર પ્રભુની સેવાને અને આત્મિકતાની ઊંડાઈને ચાહતો હોય. ■ ■ ■

## નહેમ્યા બાઈબલ કોલેજ તરફથી સમાચારો

પાછલા કેટલાક વર્ષોમાં કોવિડ-૧૯ને કારણે અમારી સેવાઓને આર્થિક રીતે ઘણી મોટી અસર થઈ છે. ઈશ્વરકૃપાથી, અમે સર્વ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ઈશ્વરને મહિમા હો.



એશિયન થીઓલોજીકલ એસોસિયેશન (અઝઅ) દ્વારા નિર્ધારિત ધોરણો અનુસાર, જેની પાસે અમારી કોલેજ ''રજીસ્ટર્ડ કેન્ડીડેટ ફોર મેમ્બરશીપ'' તરીકે અધિકૃત રીતે જોડાયેલી છે, તે મુજબ અમારી પાસે પૂર્ણ પુસ્તકાલય હોવું જરૂરી છે, જેમાં ૮૦૦૦ પુસ્તકો વિદ્યાર્થીઓના રોજના ઉપયોગ માટે હોય. અમારી પાસે ૨૦૦૦ પુસ્તકો પહેલેથી જ છે. અમારી પાસે બીજા બાકીના પુસ્તકો ખરીદવા તથા રાખવા માટે કોઈ સ્રોત ન હતો. પણ અમે આ જરૂરીયાત માટે ઘણા સમયથી પ્રાર્થના કરી રહ્યા છે.

અમારી પ્રાર્થનાઓના જવાબમાં, અમારા એક મિત્રએ ૪૦૦૦ પુસ્તકો દાન ર્ક્યા છે. ઈશ્વરકૃપાથી ઘણા બધા પ્રયત્નો સાથે અમે ૧૮ અલમારીઓ ખરીદી કરી શક્યા છીએ અને તેને સારી રીતે સલામત રાખી શકયા છીએ.

હવે અમારે તેના શિર્ષકો અને પુસ્તકોની બીજી બધી વિગતા કમ્પ્યુટરમાં ઉમેરવાની છે અને તેને વ્યવસ્થિત રીતે જાળવવાની છે. જેમાં ઘણા મોટા નાણાંકિય ખર્ચા અને સખત મહેનત છે. પહેલેથી જ અમે નહેમ્યા બાઈબલ કોલેજના ફેકલ્ટી સભ્યો, પાળકો અને કાર્યકરો, છાપખાના પેપરના ખર્ચા અને અન્ય બાબતો માટેના માસિક ખર્ચા માટે ત કલીફો વેઠી રહ્યા છીએ. આવી બાબતો માટે અમે જાહેરાત કરતા નથી. પણ અમે આ ખર્ચાઓને દર મહિને ઘણા વિશ્વાસ અને પ્રાર્થનાઓ અને મોટા રોકાણો સાથે પહોચી વળીએ છીએ. આ સમયે કમ્પ્યુટરમાં માહિતી ઉમેરવા માટે અને પુસ્તકોની જાળવણી માટે અને તેમને નહેમ્યા બાઈબલ કોલેજના વિદ્યાર્થીઓના ઉપયોગમાં લાવવા માટે, અમારે નીચે મુ જબની તાત્કાલિક જરૂરીયાતો છે.



| | |
|---|---|
| ૧. બે કમ્પ્યુટરો<br>દરેકની કિંમતો રૂા. ૫૫,૦૦૦.૦૦/- | રૂા. ૧,૧૦,૦૦૦.૦૦/- |
| ૨. કમ્પ્યુટરો માટેના<br>સૉફ્ટવેર | રૂા. ૨૦,૦૦૦.૦૦/- |
| ૩. કમ્પ્યુટરમાં અપલોડ કરવા માટે<br>તથા '' પુસ્તકોની જરૂરી નોંધો<br>કરવા માટેનો ખર્ચ. | રૂા. ૩૦,૦૦૦.૦૦/- |
| ૪. અન્ય ખર્ચાઓ | રૂા. ૧૦,૦૦૦.૦૦/- |
| **કુલ** | **રૂા. ૧,૭૦,૦૦૦.૦૦/-** |

અમને આ તાત્કાલિક જરૂરીયાતો પૂરી કરવા ઘણી મુશ્કેલીએ આવી રહી છે. આ જરૂરીયાતો પૂરી કરવાના બોજ સાથે કૃપા કરીને પ્રાર્થના કરશો. જો ઈશ્વર પ્રભુ તમને પ્રેરણા આપે તો, તમે કેટલીક રક્કમ દાન કરીને અથવા ઉપર જણાવેલી જરૂરીયાતોમાંની એક અથવા પૂર્ણ રકમ દાન કરીને અમને સહાય કરી શકો છો. અમારા મિત્રોને સહાય માટે ફરજ પાડવી અમારી ટેવ નથી. અમે આ વહેંચીએ છીએ કારણ કે તમે સાથી કાર્યકરો છો. કૃપા કરીને ગેરસમજ કરશો નહિ. આ પ્રાર્થના વિનંતી માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

અમે પણ તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. પ્રભુ ઈસુ તમને વધુને વધુ આશીર્વાદ આપો.

**- સંપાદક**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– **સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **S. Sam Selva Raj** |
| A/C No. | : | **1023 2934 679** |
| IFSC | : | **SBIN 00 00 249** |
| SWIFT CODE | : | **SBI NIN BB 455** |

### *2. Bank : ICICI Bank*

| | | |
|---|---|---|
| Branch | : | **Anna Salai, Chennai-6** |
| Name | : | **Echo of His Call** |
| A/C No. | : | **6038 0502 2319** |
| IFSC | : | **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | | |
|---|---|---|
| Branch | : | **Triplicane, Chennai-5** |
| Name | : | **Echo of His Call Educational Trust** |
| A/C No. | : | **1023 2923 805** |
| IFSC | : | **SBIN 00 00 249** |

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATIONS BY ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**

**on 16th APRIL 2022**

**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**